# શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર

વર્ષઃ ૨૪ અંકઃ ૧ જુલાઈ ૨૦૧૩ જેઠ-અષાઢ ૨૦૬૮ સળંગ અંકઃ ૨૪૧

સંપાદકો : પરમ પાઠક + મદનમોહન શર્મા + નિરંજન પટેલ + ઉજ્જવલ ત્રિવેદી + મનીષ સોલંકી + રાજુ રાઠોડ + ઝેડ. એ. સિપોય


## Editorial

### Bhaag INSAAN Bhaag

Who am I? In a diametric distance of observable 93 billion (nine zeros after 1) to an estimated 100 septillion (24 zeros after 1) light years (distance travelled by light in one year), called as Cosmos, there exist more than 170 billion galaxies, one of which is a galaxy called as milky way, in which there are 100 to 400 billion stars and about same number of planets. One of these 400 billion stars is our sun and our solar system. It has nine planets, one of which is our earth. The earth nurtures more than 11 million living entities called as species and one of those, is a species known as Homo sapiens, and that is us. The total population of this species has crossed 7 billion and one of these 7 billion is myself. I am that tiny part of this huge cosmos and that tiny is my significance. This is my existence from the cosmos perspective.

There is another perspective. There is myself, around me is my family, my country, this globe, all other species, solar system, milky way, galaxies, and the cosmos. Thus, in the center of my universe is ME!

The later perspective puts us, the human beings, in the center and identifies ourselves as the most important entity of this universe. We have an established belief that we are the ultimate creation of god and the evolution of species from most primitive to advanced creations was directed to create us. Thus everything is for us, by us and of us, the INSAAN.

Last few decades have been the decades of tremendous development for science and technology, under whose impact our lifestyles have changed altogether. In a quest of betterment of mankind we attempted to dominate the nature. We did not succeed. Instead we set up some real threats to the environment and to our own existence. Then we realized that we went too far and too fast and suddenly it was time to STOP. We started talking about moderate approaches to coexist with nature.

Contuniued...on Page 2

## પુનશ્ચ હરિઃ ૐ પ્રો. હરીશ પાઢ



આપણી આતુરતાનો અંત આવ્યો છે. પ્રો. હરીશ પાઢની વધુ ત્રણ વર્ષ માટે સરકારે આપણી યુનિવર્સિટીનું સુકાન સંભાળવા કુલપતિશ્રી તરીકે નિયુક્તિ કરી છે. દૂરગામી અસરો પાડતી આ શુભ ઘટનાને વિદ્યાજગતે હોંશભેર, આનંદપૂર્વક વધાવી લીધી છે.

જુલાઈ ૨૦૧૦માં પ્રો. હરીશ પાઢ સરદાર પટેલ યુનિવર્સિટીમાં ૧૪મા કુલપતિ તરીકે જોડાયા હતા. એ સમયે આપણા માટે તેઓ એક સન્માન્ય આગંતુક હતા. એક પ્રથિતયશ વૈજ્ઞાનિક તરીકેની એમની એક ઓળખ હતી. અગાઉ વર્ષો પહેલાં આપણી યુનિવર્સિટીમાં થોડા સમય માટે તેઓ અધ્યાપન કાર્ય કરી ચૂક્યા હતા. પરંતુ ત્રણ વર્ષ પહેલા એમનું આપણે ત્યાં કુલપતિશ્રી તરીકે આગમન થયું ત્યારે સૌ એમને, એમના કાર્યકલાપને રસપૂર્વક નિહાળી રહ્યા હતા. તેઓ તીવ્ર વિદ્યાકીય નિસ્બત ધરાવતા હતા. તેમજ પારદર્શક કાર્ય કરવા ટેવાયેલા હતા. એમણે યુનિવર્સિટીના હિતોને પૂરેપૂરા સમર્પિત થઈને કામ આરંભ્યું.

સમયને જતાં ક્યાં વાર લાગે છે. શિશિર વસન્તો પુનરાયાતઃ આ યુનિવર્સિટીના પ્રશ્નો એને ઉત્કૃષ્ટ બનાવવા શું કરી શકાય, કઈ રીતે કરી શકાય આ એમને સમજાઈ ગયું, સમજાતું ગયું, એમ એમ તેઓ યુનિવર્સિટીના સર્વતોમુખી વિકાસ માટે કાર્ય કરતા રહ્યા, એમાં એમની સન્નિષ્ઠાની પ્રતીતિ પણ થઈ.

યુનિવર્સિટીની ગતિવિધિ વિલક્ષણ હોય છે. એમાં કોઈ આંબો રોપે છે. કોઈના વખતમાં એના ફળો મળતા હોય છે. જૂન ૨૦૧૦ થી આપણી યુનિવર્સિટીએ પુરા ગુજરાતમાં CBSCનો

અનુસંધાન પાન ૨ પર

Contuniued...from Page 1

We then started R&D projects to get scientific understanding of the impact of our activities on environment and spending more on environmental research. Simultaneously, we started creating awareness in the society and thus started celebrations of various days.

5th June is celebrated as world environment day and 11th July as world population day. The celebrations of various days like environment day, earth day, ocean day etc are done to raise an awareness and concern about our planet, our environment, our resources, its utilization and potential threats to our existence.

We have been doing this since many years now, year after year, this day and that day, and it has become a yearly routine. Eventually, these celebrations have lost the track of its fundamental purpose and have merely become an activity time for schools and colleges in form of competitions, rallies, lectures, photography and what not? The global warming, pollution, go green, no plastics, population explosion etc have become buzz words and very common topics of debate and poster making competitions rather than a real threat to the mankind. The fact is that the whole idea has come to a point of saturation in terms of creating awareness.

Enough of awareness has been created and now it's the time of implementation. It's the time to put the awareness into practice. It's the time for ACTION. We know we need to do something or someone should do it. It's a situation of, "everybody thought somebody should do it, anybody could have done it, but nobody did it". There is a clearly visible inertia to change the habits to which we are used to. Say for example, say no to plastics. Why can't we do it? Another example, save fuel, save energy. No A/Cs, no private vehicles, use public transport, use bicycles. Why can't we do it? We all know the answer.

Whatever we say or argue, the fact of the matter is that, our consumerism, overexploitation of resources, biodiversity loss, global warming and other environmental issues are real. They are slowly but surely pushing us in the corner. The nature is issuing wakeup calls time and again in form of tsunamis, floods, tornadoes and other natural calamities. These calamities are natural but their frequencies of occurrence do not seem to be natural. It's time to find a way out before it's so late that, there would be no way out. It's time to restore. David Brower says, '"We do not inherit the earth from our ancestors, we borrow it from our children." If we borrowed than we have to give it back and if we don't give then, it means we have stolen it. So bhaag insaan bhaag, it's do or die. It's so easy to say but so difficult to do.

**- Dr Ujjval Trivedi**

અનુસંધાન પાન ૧ પરથી

અમલ કરવાની પહેલ કરી. નવી નવી પરિસ્થિતિઓ સર્જાઈ. એમાં એમણે યુનિવર્સિટીને માર્ગદર્શન પુરુ પાડ્યું. રીએક્રિડિટેશનની પુર્નવિચારણા માટે NAAC ની પિયર ટીમે યુનિવર્સિટીની મુલાકાત લીધી. એ સમયે પ્રો. પાઢની વિદ્યાકીય અને વહીવટી સૂઝનો સૌને સુખદ પરિચય મળ્યો. તેઓ આપણી યુનિવર્સિટીમાં જોડાયાને બે માસમાં PURSE યોજના અંતર્ગત યુનિવર્સિટીને ૬ કરોડ રૂપિયાનું વિશેષ અનુદાન પ્રાપ્ત થયું. એનાથી એમણે અદ્યતન વૈજ્ઞાનિક ઉપકરણો વસાવ્યા અને આંતર વિદ્યાકીય અધ્યયનોને વિશેષ પ્રોત્સાહન આપ્યું.

એટલું જ નહીં આપણી યુનિવર્સિટીમાં સંશોધન પ્રવૃત્તિને પ્રવેગ મળે એ માટે એમણે દીર્ઘદષ્ટિ દાખવીને ખાસ વાતાવરણ સર્જ્યું એ માટે સીડ ગ્રાન્ટ્સ ઉભી કરી. પચીસ જેટલા અધ્યાપકોને સંશોધન કરવા માટે એક એક લાખ રૂપિયાનું અનુદાન આપ્યું. રીસર્ચને સહાયભૂત થઈ શકે એવી કાર્યશાળાઓ યોજી. એ માટે સૌને માર્ગદર્શન પુરું પાડ્યું.

આ યુનિવર્સિટી એમના પ્રથમ ત્રિવર્ષીય કાર્યકાળને બે બાબતો માટે ક્યારેય નહીં ભૂલે - એક તો એમણે CAS અને ડાયરેક્ટ રીક્રુટી તરીકેના પ્રોફેસર્સ વચ્ચેના વરસોથી ચાલ્યા આવતા પક્ષપાતને દૃઢતાપૂર્વક દૂર કર્યા. ને બીજુ યુનિવર્સિટીમાં ભાતૃત્વનું વાતાવરણ સર્જવા, પડતર પ્રશ્નોનો નિષ્પક્ષ, ત્વરિત નિરાકરણ માટે ઓપન હાઉસનો આરંભ કર્યો. એમણે ૨૦૦૩થી આપણી યુનિવર્સિટીના હિસોબોનું ઓડિટ નહોતું થયું. એનું ૨૦૧૨ સુધી ઓડિટ કરાવ્યું. આ એક પડકારરૂપ કાર્ય હતું. યુનિવર્સિટીમાં જ્યાં પણ ગેરરીતિ ચાલતી એમના ધ્યાનમાં આવી એ દૂર કરવા ઘણુંક ઘણું ભાગવા-ઘણ ઉઠાવ્યો. યોગ્ય તે પગલાં લીધા. આપણી શિક્ષણ પ્રણાલીને સર્વાંગી બનાવવાના પહેલા સોપાનરૂપ લાઈફ એન્રીચમેન્ટ કોર્સનો આરંભ પ્રો. પાઢના કાર્યકાળ દરમિયાન થયો.

યુનિવર્સિટીના સમાજ સાથે, સંપર્ક સાધવાનું મહત્વનું માધ્યમ રેડિયો સ્ટેશન તો વરસોથી આપણી પાસે હતું. આ ૯૦.૪ એફએમ ને પ્રો. પાઢે પુર્નજીવન બક્ષ્યું. એમાંય લાઈફ એન્રીચમેન્ટ કોર્સને લગતા કાર્યક્રમોનું પ્રસારણ થયું એનાથી સમાજ સેવા થઈ. યુનિવર્સિટીની આગવી ઓળખ બંધાઈ. આ યુનિવર્સિટીનો મુદ્રાલેખ 'શીલવૃત્તં ફલંશ્રુતમ્' આ રીતે ચરિતાર્થ થયો. વળી, અગાઉ યુનિવર્સિટી ગીત માત્ર પદવીદાન સમારંભમાં એક કર્મકાંડરૂપે રજૂ થતું હતું. એને યુનિવર્સિટીના દરેક કાર્યક્રમમાં ફરજિયાત બનાવ્યું. એનાથી યુનિવર્સિટીમાં એક નવું વાતાવરણ સર્જાયું છે. આ બધું હોવા છતાં તેઓ સંશોધન ક્ષેત્રે અટક્યા નથી. એમાં એમની પ્રવેગી ગતિ રહી છે. આ તો પ્રેટી ડન, અનડન ઈઝ વાસ્ટ જેવું છે.

આપણી યુનિવર્સિટીમાં પ્રો. હરીશ પાઢની કુલપતિ તરીકેની બીજી ઈનિંગ શરૂ થઈ ચૂકી છે ત્યારે એટલું જ કહેવાનું કે :

**Even if the struggling world is left outside**
**one man's perfection still can save the world**

**- Sri Aurobindo in Savitri**
Pg. 531

## Teaching - Learning

- **Department of Business Studies** organised a workshop on Filing of Income Tax Return (ITR). CA Naresh Tejwani, well-known Chartered Accountant conducted the workshop. The area of coverage of this workshop was, Which ITR to be filed ?, Pre Requirement for IT filing, Practically Manual filling of ITR 1 and 2, Demonstration of Online filing of return, Do's and don't sand Questions and Answers. Total 110 students participated in the workshop. This workshop was co-ordinated by Dr. Yagnesh Dalvadi under the guidance of Dr. P. K. Rathod, Head of the Department.
- **Department of Business Studies** organised Mock Interview for the M. Com. Final Semester students. Mr. Vijay Bhatt, Deputy General Manager, Elecon Engineering Company Ltd, Vitthal Udyognagar and Dr. R. M. Rathod, Asso. Professor, P G Department of Business Management, Sardar Patel University were the experts in the said mock interview. Both the experts interviewed students and recommended strategies for achieving success in future interviews. Total 21 Students participated in this event. Mr. Jignesh Damor won the first prize, Ms. Punita Rajpurohit stood second and Chirayu Shastri and Muktanand Thakar shared the third prize. This work shop was co-ordinated by Dr. Yagnesh Dalvadi.

**Prof HJ Jani**, Former Professor and Director of MBA Programme of our University has joined from 3 July 2013 as Provost (Vice-Chancellor) at CU Shah University, Wadhwan City (Surendranagar), which has been established as a private University by the State of Gujarat.

## Extension

- **લોકવિજ્ઞાન કેન્દ્રમાં વેકેશન દરમ્યાન બાળકો માટે સપ્તાહનો સાયન્સ કેમ્પ યોજાયો**

સરદાર પટેલ યુનિવર્સિટીના નેજા હેઠળ સંચાલિત **લોક વિજ્ઞાન** કેન્દ્રમાં વેકેશનમાં બાળકો માટે ઉનાળુ સાયન્સ કેમ્પ રાખવામાં આવ્યો હતો. તા. ૨૦ મે થી તા. ૨૭ મે સુધીના આ કેમ્પનો હેતુ બાળકો પ્રવૃત્તિ અને ગમ્મત સાથે પાઠ્યપુસ્તકની બહારનું જ્ઞાન રમતાં રમતાં મેળવે તેવો હતો. આ કેમ્પમાં આશરે ૧૦૦ જેટલા બાળકોએ રસપૂર્વક ભાગ લીધો હતો. આ બાળકોમાંથી નાના બાળકોને β ગૃપ અને મોટા બાળકોન β ગૃપમાં વહેંચી તમામ કાર્યક્રમો કર્યા હતા. પ્રથમ દિવસે વિમલ મરીયમ હાઈસ્કૂલના શિક્ષક મનીષાબેન દ્વારા લેખિત અને તે જ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા અભિનીત સરસ ઉપદેશ આપતું વિજ્ઞાન નાટક રજૂ થયું હતું.

પહેલા ત્રણ દિવસમા β ગૃપને રીટાયર્ડ ગણિત નિષ્ણાત શ્રી એમ. વસાવડા અને શ્રીમતી હેમાબેન વસાવડા દ્વારા ગણિત અને તેના મોડેલ્સ વિશેની સરસ જાણકારી અને પ્રવૃત્તિ પીરસવામાં આવી હતી.

બીજી બાજુ β ગૃપના બાળકો માટે ત્રણ દિવસ અલગ-અલગ કાર્યક્રમો રાખવામાં આવ્યા હતાં, જેમાં પ્રથમ દિવસે ઉન્ડેલ હાઈસ્કૂલના ઉત્સાહી ગણિત શિક્ષક શ્રી વિરલભાઈ મિસ્ત્રીએ આકર્ષક ગણિતના મોડેલો બનાવતાં શીખવાડ્યા. બીજે દિવસે લોકવિજ્ઞાન કેન્દ્રના દીપ્તિબેન અને બાયોસાયન્સના શ્રી સુજીતકુમારે પર્યાવરણની સફર કરાવી વિવિધ વનસ્પતિઓ અને પ્રાણીઓ બતાવીને બાયોડાયવર્સીટી અને તેના મહત્વ અંગેની જાણકારી આપી. ત્યારબાદ બાળકોને ડાયવર્સીટી સમજાવતી એક રમત રમાડી હતી. ત્યારબાદ બીજા સેશનમાં વિદ્યાનગર નેચર ક્લબના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ધવલભાઈ પટેલે બાળકોને પાવર-પોઈંટ પ્રેઝન્ટેશન સાથે '૨૨ મે - બાયોડાયવર્સી દિવસ' તરીકે કેમ ઉજવવામાં આવે છે અને તેનું મહત્વ શું છે ? તે જણાવ્યું. '૫ જૂન - વિશ્વ પર્યાવરણ દિવસ'ના રોજ વિદ્યાનગર નેચર ક્લબ અને લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા આયોજિત 'Who am I ?' Contest (સ્પર્ધા) વિશે જણાવ્યું. ત્રીજે દિવસે લોકવિજ્ઞાન કેન્દ્રના દર્શનાબેને બાળકોને પેરિસ્કોપ બનાવતા શીખવાડ્યું અને બીજા સેશનમાં કેમેસ્ટ્રી વિભાગના વિદ્યાર્થીઓએ આવીને રસાયણના વિવિધ પ્રયોગો કરીને બાળકોને રસાયણોની રંગબેરંગી દુનિયાથી પરિચિત કર્યા હતાં.

ચોથા દિવસે અમદાવાદથી અંકુર હોબી સેન્ટરના શ્રી ધનંજય રાવલ તમામ બાળકો માટે વિવિધ જ્ઞાન અને ગમ્મતભર્યા નિદર્શનો લઈને આવ્યા હતા. આ કાર્યક્રમ ફિઝિક્સ વિભાગના એક વિશાળ હોલમાં રાખવામાં આવ્યો હતો. આ જીવંત નિદર્શનો જોઈ બાળકોને વિજ્ઞાનના મૂળભૂત સિદ્ધાંતો અને વિવિધ ઘટનાઓ પાછળના કારણો સમજવાની માહિતી મળી હતી.

ત્યારબાદ પાંચમા દિવસે અમદાવાદના નિષ્ણાત શ્રી રામમોહનસીંગે તમામ બાળકોને રોકેટ બનાવતા શીખવાડ્યું ૪-૫ બાળકોના અલગ અલગ ગૃપ બનાવી દરેક ગૃપ બનાવી દરેક ગ્રૃપને વૈજ્ઞાનિકોના નામ આપી ગૃપમાં રોકેટ બનાવ્યા અને રોકેટમાં ફટાકડાના એર્જિન બેસાડ્યા.

ત્યારબાદ છઠ્ઠા દિવસે સવારે રોકેટ લોન્ચ કરવા માટે મોટા મેદાનની જરૂર હોવાથી તમામ બાળકો અને તેમના વાલીઓ યુનિવર્સિટીના મેદાનમાં ભેગા મળ્યાં અને ત્યાં દરેક ગૃપના રોકેટોનું લોંચીગ થયું. કેટલાકના રોકેટ ઉંચા અને સીધા સરસ ઉડ્યાં તો કેટલાંકના રોકેટ આડા અને ગમે તેમ ઉડ્યાં, તો કેટલાક તો લોચીંગ પેડ પર જ ફૂટી ગયા. ત્યારબાદ આમ થવાનું કારણ સમજાવવામાં આવ્યું અને રોકેટ મેકિંગ અને લોંચીગમાં શું સાવચેતી રાખવી તે સમજાવ્યું. ત્યારબાદ લોકવિજ્ઞાન કેન્દ્ર પર આવીને શ્રી રામમોહન સીંગે નકામી S.D., ખાલી રીલ અને ફુગ્ગા વડે હોવર ક્રાફ્ટ બનાવતાં શીખવાડ્યું અને તેનો સિદ્ધાંતચ સમજાવ્યો. આમ બાળકોને રોકેટ અને હોવરક્રાફ્ટ ચલાવવાની ખૂબ મજા આવી.

છેલ્લા દિવસે બાળકોનું પ્રેઝન્ટેશન રાખવામાં આવ્યું. જેમાં આશરે ૩૫ જેટલાં વિદ્યાર્થીઓએ પોતાની રીતે વિવિધ વિષયો પર વિવિધ રીતે પ્રેઝન્ટેશન કર્યું, જેમાં વિજ્ઞાન વિષયો પર પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન, વિજ્ઞાન ડેમો, નાટક, ગીત, પેપર ક્રાફ્ટ અને વક્તૃત્વ વગેરે સમાવિષ્ઠ હતાં.

- 'વિશ્વ પર્યાવરણ દિન' ૫મી જૂન ના રોજ **સી.સી. પટેલ** લોકવિજ્ઞાન કેન્દ્રમાં વિદ્યાનગર નેચર કલબના સહયોગથી બાળકો માટે 'Who am I ?' સ્પર્ધા યોજાઈ હતી. જેમાં લગભગ ૧૫ જેટલા બાળકોએ ભાગ લીધો હતો, તેમજ ૪૦-૫૦ જેટલા પ્રેક્ષકોએ સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો હતો. વિદ્યાનગર નેચર ક્લબના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ધવલભાઇએ 'વિશ્વ પર્યાવરણ દિન' વિશેની માહિતી આપી તેનો હેતુ સમજાવ્યો. આ વર્ષની થીમ : 'Think, Eat, Save' હતી તે વિશેની સમજ આપી. ત્યારબાદ બાળકોની સ્પર્ધા થઈ જેમાં બાળકોએ વિવિધ સજીવો બની 'Who am I ?' દ્વારા તે સજીવો વિશેની વિવિધ માહિતી આપી. ત્યારબાદ વિવિધ સ્કૂલના ૭ જેટલા બાળકોએ મળીને પર્યાવરણ વિશેનું નાટક ભજવ્યું હતું.

- તા. ૨૮મી જૂને લોકવિજ્ઞાન કેન્દ્રના રૂ ા. ૨૧ લાખના ખર્ચે નવનિર્મિત બહુલક્ષી વિજ્ઞાનખંડનું ઉદ્દ્ઘાટન સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હરીશ પાઢ દ્વારા કરવામાં આવ્યું હતું. કેન્દ્રના માનદ્ નિયામક ડૉ. ઉજ્જવલભાઈ ત્રિવેદીએ સૌને આવકાર્યા અને બીજા માળના હોલની ભૂમિકા આપી હતી. માનદ્ સલાહકાર ડૉ. કે. એન. જોષીપુરાએ લોક વિજ્ઞાન કેન્દ્રનો ઈતિહાસ તથા કેન્દ્રમાં થતા કાર્યક્રમો વિશે સૌને અવગત કર્યા હતા. આ સાથે તે દિવસે બાયોટેક્નોલોજી જાગરુકતા હેતુસર એક કાર્યક્રમ ગુજરાત રાજ્ય બાયોટેક્નોલોજી મિશનના સહયોગથી યોજવામાં આવ્યો હતો.

- સરદાર પટેલ યુનિવર્સિટીના **મ્યુઝિયમ વિભાગ**માં તા. ૨૫મી જૂન ૨૦૧૩ના રોજ ચારૂતર વિદ્યામંડળ સંચાલિત વે મેડ (બી.એડ) કોલેજના વિદ્યાર્થીઓ માટે એક ખાસ પ્રકારના 'મ્યુઝિયમ ઓરીએન્ટેશન વર્કશોપ'નું આયોજન કરવામાં આવ્યું. આ વર્કશોપના પ્રથમ સેશન દરમ્યાન મ્યુઝિયમ વિભાગના વડાશ્રી અમોલ મોહિતે દ્વારા વિદ્યાર્થીઓને સ્લાઈડ-શોના માધ્યમથી મ્યુઝિયમના વિવિધ સંગ્રહ અંગે માહિતી પૂરી પાડી હતી તેમજ તે માહિતીને શૈક્ષણિક વિષયો સાથે કેવી રીતે સાંકળવી તેની સમજ આપી હતી.

વર્કશોપના બીજા સેશન દરમ્યાન વિદ્યાર્થીઓ માટે ખાસ પ્રવૃતિ તરીકે ''Hands on Experience''નું આયોજન કરવામાં આવ્યું હતું. સાયન્સ, કોમર્સ તેમજ આર્ટ્સ એવા વિવિધ વિષયોમાં સ્નાતક થઈ વે મેડ (બી.એડ.) કોલેજમાં પ્રવેશ મેળવેલા આ વિદ્યાર્થીઓને ઉપરોક્ત પ્રવૃત્તિમાં મ્યુઝિયમના સંગ્રહમાં રહેલ ડાયનોસોરના ફોસીલ, પ્રાગૈતિહાસ કાળના પથ્થરના ઓજારો, ચિત્રિત માટીના વાસણો, સિંધુ સંસ્કૃતિના અસલ નમૂના, પથ્થર-લાકડા-ધાતુ તથા હાથીદાંતમાંથી બનાવેલ મૂર્તિઓ, પુરાતન સિક્કા, તામ્રપત્ર, હસ્તપ્રતો વગેરેને હાથમાં લઈ નજીકથી નિહાળવાની તક વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ આ તમામ વસ્તુઓ પર પોતાના અભ્યાસાત્મક વર્ણનો રજૂ કર્યા બાદ શ્રી મોહિતેએ મ્યુઝિયમના નમૂનાઓ વિશે તેમને વિસ્તૃત સમજ આપી હતી. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, બી.એડ.નો કોર્સ કર્યા બાદ જ્યારે તેઓ કોઈ શાળા કે કોલેજમાં શિક્ષક તરીકે જોડાશે ત્યારે તેઓ મ્યુઝિયમ સંગ્રહમાં રહેલા આવા અસલ નમૂનાઓને બાળકોના અભ્યાસક્રમ સાથે સાંકળી શકે છે. જેથી આવનાર નવી પેઢીને આપણા સાંસ્કૃતિક વારસાનું જ્ઞાન મળી રહે. તેમણે વિદ્યાર્થીઓને મ્યુઝિયમના નમૂનાઓનું નિરીક્ષણ કરવા માટે ચોક્કસ દૃષ્ટિકોણ કેળવવા જણાવ્યું હતું.

વર્કશોપના ત્રીજા સેશન દરમ્યાન વે મેડ કોલેજના વિદ્યાર્થીઓને મ્યુઝિયમ વિભાગના પ્રદર્શન ખંડોમાં પ્રદર્શીત વિવિધ નમૂનાઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, મ્યુઝિયમ વિભાગ દ્વારા વિવિધ વિષયોને આવરી લેતી ફોટો સાથેની માહિતી પેનલો પ્રદર્શન ખંડોમાં પ્રદર્શીત કરવામાં આવી છે. જેમાં ભૂસ્તરશાસ્ત્રીય સમય ધોરણ, પૃથ્વી પર જીવનની શરૂઆત અને જૈવઉત્ક્રાંતિ, પૂર્વ ઈતિહાસકાળ, સિંધુ ખીણની સંસ્કૃતિ, ચાંપાનેર વિશ્વ ધરોહર સ્થળ, અજંતા ઈલોરાની ગુફાઓ વગેરેનો સમાવેશ થાય છે. ઉપરોક્ત વર્કશોપમાં વેમેડ (બી.એડ.) કોલેજના ૬૫ વિદ્યાર્થીઓ તથા ૪ શિક્ષકોએ ભાગ લીધો હતો.

- સરદાર પટેલ યુનિવર્સિટીના મ્યુઝિયમ વિભાગમાં તા. ૨૬મી જૂન ૨૦૧૩ના રોજ ચારૂતર વિદ્યામંડળ સંચાલિત વે મેડ (બી.એડ) કોલેજ સાથે સંયુક્ત પ્રવૃત્તિ હેઠળ સી.વી.એમ. એન્જીનિયરીંગ કોલેજ, વલ્લભવિદ્યાનગરના ૧૦ મહિલા ફેકલ્ટી મેમ્બર્સ માટે ચાર સેશનમાં 'મ્યુઝિયમ ઓરીએન્ટેશન પ્રોગ્રામ'નું આયોજન કરવામાં આવ્યું. પ્રથમ સેશન દરમ્યાન મ્યુઝિયમ વિભાગના વડાશ્રી અમોલ મોહિતે દ્વારા અધ્યાપકોને સ્લાઈડ-શોના માધ્યમથી મ્યુઝિયમના વિવિધ સંગ્રહ અંગે માહિતી પૂરી પાડી હતી.

બીજા સેશનમાં તેમને પર્યાવરણ આધારીત એક ડોક્યુમેન્ટરી ફિલ્મ બતાવવામાં આવી. જેમાં અનાદિ કાળથી આપણી ભારતીય

આ કોર્સ આચાર્ય ડૉ. આર.ડી. મોદી અને કન્વીનર પ્રા. હીના પડિયાના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ કાર્યરત છે. આ કોર્સની બીજી બેચ ટૂંક સમયમાં શરૂ થનાર છે. આ કોર્સ માટે અધિકૃત Tally authorized integrater partner and trainer શ્રી રાજીવ ધારે, આસીસ્ટન્ટ રીકિનભાઈ પટેલ અને Scope તથા GKS ના જેનુલભાઈનું માર્ગદર્શન અને સહયોગ પ્રાપ્ત થયો હતો.

● ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી વિ. ઝેડ. પટેલ કોમર્સ કોલેજના બી.કોમ.માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ વિશ્વભરમાં અમૂલ પેટર્ન દ્વારા પ્રસિદ્ધ થયેલી અમૂલ ડેરીની મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો હેતુ વાણિજ્ય વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ સહકારી પ્રવૃત્તિઓથી માહિતગાર થાય અને સંઘભાવના અને સમૂહભાવના દ્વારા કેવું કાર્ય થાય છે તે જાણવાનો રહેલો હતો.

● ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી વિ. ઝેડ. પટેલ કોમર્સ કોલેજના ટી.વાય.બી.કોમ.માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ આણંદની સામાજિક સેવાભાવી સંસ્થા ત્રિભોવનદાસ ફાઉન્ડેશનની મુલાકાત લીધી હતી. ત્યારબાદ આણંદ ખેડા જિલ્લાના ૬૮૨ ગામડાઓમાં ચાલતી ફાઉન્ડેશનની વિવિધ સામાજિક સેવાઓ જેવી કે, આરોગ્ય વિષયક સેવા, સ્ત્રી ઉત્કર્ષ સેવાઓ, બાળ સંભાળ સેવા, ચાઈલ્ડ હેલ્પલાઈન સેવા, રાજ્ય સરકારનો પ્રોજેક્ટ તપોવન, સમાજ સેવકોની તાલીમ સુવિધા વિષેની સમ્પૂર્ણ માહિતીથી વિદ્યાર્થીઓને માહતગાર કર્યા હતા. ત્યારબાદ સમગ્ર કેમ્પસમાં આવેલા વિવિધ વિભાગોની મુલાકાત લઈ તેની સંપૂર્ણ વિગતોની જાણકારી વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરી હતી. આ મુલાકાત દરમ્યાન ડૉ. પ્રતિમાબેન ભટ્ટ તથા ત્યાંના ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર ડૉ. વિરેનભાઈ દોશીનો સહકાર પ્રાપ્ત થયો હતો.

કોલેજના અધ્યાપકશ્રી અલ્પેશકુમાર પટેલે સેવા અને સમર્પણના મૂર્તિશ્રી ત્રિભોવનદાસ પટેલના જીવન અને કાર્યો વિશેની વિશેષ જાણકારી પ્રવચન દ્વારા વિદ્યાર્થીઓને પૂરી પાડી હતી. આ મુલાકાતના અંતિમ ચરણમાં ત્રિભોવનદાસ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત હસ્તકલા કારીગરી વિભાગની પણ મુલાકાત લીધી હતી. જ્યાં બહેનો દ્વારા ચાલતી હસ્તકલાકારીગરીની પ્રવૃત્તિ અંગે સંપૂર્ણ માહિતી પ્રાપ્ત કરી હતી.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં તા. ૧૦-૭-૧૩ને બુધવારના રોજ આણંદ એજ્યુકેશન કોલેજ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી તથા સામુદાયિક ધારા ઉપક્રમે થેલેસીમિયા ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું. પ્રોજેક્ટ ઓફિસર શ્રી નિલેશ ભારતીયએ થેલેસીમિયા વિશે માર્ગદર્શન આપ્યું હતું.

● સરદાર પટેલ યુનિવર્સિટી કેમ્પસ બ્યુટીફિકેશન યોજના અંતર્ગત તાજેતરમાં બે કાર્યક્રમોનું આયોજન થયું હતું. યુનિવર્સિટી હેલ્થ સેન્ટર તરફથી યુનિવર્સિટી તરફ આવવાના માર્ગનું નામકરણ

'સરદાર પટેલ માર્ગ' રાખવામાં આવ્યું. વળી, કુલપતિશ્રીના કાર્યાલયમાં ડ્યુઅલ એક્સેલ સોલર પેનલ દ્વારા વીજ પુરવઠો પુરો

## Governance

- બી.જે.વી.એમ. કોલેજના આચાર્ય પદે તા. ૧૪-૬-૨૦૧૩ને શુક્રવારથી બી.જે. વાણિજ્ય મહાવિદ્યાલય (ચારુતર વિદ્યામંડળ વિદ્યાનગર) ના ઈન્ચાર્જ આચાર્ય તરીકે પ્રો. રાજેન્દ્રપ્રસાદ મણિલાલ પટેલની નિમણૂંક કરવામાં આવી છે. જેઓ આ જ કોલેજના વિદ્યાર્થી, એકાઉન્ટન્સીના અધ્યાપક અને ૧૯૮૦ થી બી.જે.વી.એમ.માં લેક્ચરર તરીકેની સેવા આપે છે.

## Research

- ગુજરાત સ્ટેટ બાયોટેક્નોલોજી મીશન (GSBTM), ગાંધીનગરે ડૉ. હરીશ પાઢ, કુલપતિશ્રીની સંશોધન યોજના "Genomics of Plants, Humans, Microbes - Structural, Function & Application Aspects" ત્રણ વર્ષ માટે મંજૂર કરી. આવર્તક ખર્ચ માટે કુલ રૂ. ૧૯,૯૧,૭૬૦/-નું અનુદાન મંજૂર કરેલ છે.

- સાયન્સ એન્ડ એન્જીનીયરીંગ રીસર્ચ બોર્ડ (SERB), New Delhiએ અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગના ડૉ. સૌરવ એસ. સોની, આસીસ્ટન્ટ પ્રોફેસરની સંશોધન યોજના "Development of water based polymer gel electrolytes for advanced devices" ત્રણ વર્ષ માટે મંજૂર કરી આવર્તક અને અનાવર્તક ખર્ચ માટે રૂ. ૨૫,૪૦,૮૦૦/- નું અનુદાન મંજુર કરેલ છે.

# Ph.D. Research During April - June 2013

| Sr. | Subject | Name of Research Scholar | Name of Guide (Faculty) | Title of Thesis |
|---|---|---|---|---|
| 1 | PHYSICS | VISHAL RATANCHAND JAIN | PROF. A.T. OZA<br>Dept. of Physics, S.P.U., V.V.N. | "SPECTROSCOPIC STUDY OF MAGNETIC CONDUCTORS, ORGANIC FERROMAGNETS AND THEIR PRECURSORS" |
| 2 | PHYSICS | KEYURKUMAR SAVDASBHAI HINGARAJIYA | DR. K.D. PATEL<br>Dept. of Physics, S.P.U., V.V.N. | "GROWTH AND CHARACTERIZATION OF NANO CRYSTALLINE p-SnSe THIN FILMS FOR ITS USE IN p-SnSe/n-$MoSe_2$ HETROJUNCTION DIODE" |
| 3 | PHYSICS | MANISHA PRAVINBHAI SANTOKI | PROF. K.N. JOSHIPURA<br>Dept. of Physics, S.P.U., V.V.N. | "DATA-ASSIMILATIVE OCEAN CIRCULATION MODEL FOR STUDYING INDIAN OCEAN DYNAMICAL FEATURES" |
| 4 | PHYSICS | PRAVINSINH INDRASINH RATHOD | PROF. A.T. OZA<br>Dept. of Physics, S.P.U. , V.V.N. | "SPECTROSCOPIC STUDY OF CHARGE TRANSFER COMPLEXES OF BIOMOLECULAR SOLIDS" |
| 5 | PHYSICS | KIRANKUMAR KESHAVLAL PATEL | DR. K.D. PATEL<br>Dept. of Physics, S.P.U. , V.V.N. | "STUDIES ON WELL CHARACTERIZED THERMALLY EVAPORATED SnSe THIN FILMS FOR SCHOTTKY BARRIER DEVICE APPLICATION" |
| 6 | PHYSICS | NITINGIRI NARESHGIRI GOSAI | DR. G.K. SOLANKI<br>Dept. of Physics, S.P.U. , V.V.N. | "SYNTHESIS AND CHARACTERIZATION OF PURE AND Cu DOPED SnSe NANOPARTICLES" |
| 7 | PHYSICS | SIDDHARTHKUMAR HARSHADBHAI PANDYA | PROF. K.N. JOSHIPURA<br>Dept. of Physics, S.P.U. | "ELECTRON SCATTERING AND ATOMIC-MOLECULAR PROCESSES: THEORETICAL STUDIES AND PLANETARY APPLICATIONS" |
| 8 | PHYSICS | ARPITKUMAR SHAILESHBHAI PARMAR | PROF. P.C. VINODKUMAR<br>Dept. of Physics, S.P.U. , V.V.N. | "DECAY PROPERTIES OF HEAVY FLAVOR HADRONS" |
| 9 | CHEMISTRY | DEEP RADHAKRISHNA NAIK | DR. JIGNESH PRIYAKANT RAVAL<br>Dept. of Pharmaceutical Chemistry (ARIBAS), New V. V. N | "ENCAPSULATION OF VARIOUS ACTIVE PHARMACEUTICAL INGREDIENTS IN DIFFERENT POLYMERIC CARRIERS" |
| 10 | CHEMISTRY | HITESHKUMAR RAMESHBHAI DHOLARIYA | DR. K.D. PATEL<br>V.P. & R.P.T.P. Science College V.V.N. | "SYNTHESIS, CHARACTERIZATION AND BIOLOGICAL ASPECTS OF SOME DRUG BASED COORDINATION COMPOUNDS" |
| 11 | CHEMISTRY | JITENKUMAR CHIMANBHAI PATEL | DR. K.D. PATEL<br>V.P. & R.P.T.P. Science College V.V.N. | "STUDIES ON SOME DRUG BASED MIXED LIGAND METAL COMPLEXES" |
| 12 | CHEMISTRY | KRUTI NAVIN MYANGAR | DR. JIGNESH PRIYAKANT RAVAL<br>Dept. of Pharmaceutical Chemistry (ARIBAS), New V. V. N | "DESIGN AND SYNTHESIS OF QUINAZOLIN4-INES HYBRIDS AS POTENTIAL ANTITUBERCULAR AGENTS" |
| 13 | CHEMISTRY | PARESHKUMAR NARAYANBHAI PATEL | DR. H.S. PATEL<br>Dept. of Chemistry<br>Sardar Patel University, V. V. N. | "STUDIES ON POST HETEROCYCLIZATION OF 4,5,6,7-TETRAHYDROTHIENO[3,2-c]PYRIDINE" |
| 14 | CHEMISTRY | RAM SAMAT RAMA | DR. V.D. BHATT<br>Dept. of Chemistry<br>N.V. Patel College of Pure and Applied Science, V. V. N. | "STUDIES ON MIXED METAL COMPLEXES" |
| 15 | CHEMISTRY | TARUNKUMAR NANJIBHAI AKHAJA | DR. JIGNESH PRIYAKANT RAVAL<br>Dept. of Pharmaceutical Chemistry (ARIBAS), New V. V. N. | "DESIGN, SYNTHESIS AND PHARMACOLOGICAL EVALUATION OF NITROGEN, SULPHUR AND OXYGEN CONTAINING HETEROCYCLIC COMPOUNDS" |
| 16 | CHEMISTRY | KINNARIBEN BHARATBHAI TRIVEDI | DR. K.H. PATEL<br>Dept. of Chemistry<br>Sardar Patel University, V. V. N. | "STUDIES IN GRAFT COPOLYMERS FROM RENEWABLE RESOURCES" |
| 17 | GUJARATI | ASWINKUMAR JESANGBHAI BRAHMBHATT | DR. BHAGIRATH BRAHMBHATT<br>Dept. of Gujarati<br>Sardar Patel University, V. V. N. | "GUJARATI RANGBHOOMIKSHETRE SASHARNAGARINA PANCH NATYAKARONU PRADAN : EK ABHYAS" |
| 18 | GUJARATI | ANILKUMAR TAPUBHAI VALA | DR. PARAM PATHAK<br>Dept. of Gujarati<br>Sardar Patel University, V. V. N. | "KAVISANVITMA DWRARIKANA SANDHRBHO ANE ARTHGHATANO (GUJARATI KAVITANI PASADAGINI KRUTIONA VISHESH SANDARBHE)" |
| 19 | GUJARATI | HARSHADA JASHVANTLAL SHAH | DR. PARAM PATHAK<br>Dept. of Gujarati<br>Sardar Patel University, V. V. N. | "A COMPERATIVE STUDY OF DEPECTION OF WOMEN CHARACTERS IN VED VYAS'S MAHABHARAT AND BHILONU BHARAT" |

| | | | | |
|---|---|---|---|---|
| 20 | GUJARATI | SAJIDALI YUSUFALI SAIYAD | DR. GUNVANT VYAS<br>Dept. of Gujarati<br>Anand Arts College, Anand | "GUJARATI SAHITYANA SAMPRAT NIMBANDH PRAVAH-MA BHAGAVATIKUMAR SHARMA, CHANDRAKANT SHETH, RATILAL ANIL– NU YOGDAN – A STUDY" |
| 21 | GUJARATI | DHARMESH PRABHUBHAI SURATI | DR. GUNVANT VYAS<br>Dept. of Gujarati<br>Anand Arts College, Anand | "HARINDRA DAVE, DINAKAR JOSHI ANE GUNVANT SHAH – NA DHARMA-CHINTANATMAK NIMBANDHO MA ADHUNIK DRASHTIKON – A STUDY" |
| 22 | GUJARATI | AJAYSINH JETHUSINH CHAUHAN | DR. MANILAL H. PATEL<br>Dept. of Gujarati<br>Sardar Patel University, V. V. N. | "ADHUNIKOTTAR GUJARATI KAVITA" |
| 23 | COMPUTER SCIENCE | KAMLESH MANHARLAL VAISHNAV | DR. PARESH V. VIRPARIA<br>Department of Computer Science<br>Sardar Patel University, V. V. N. | "AN INTEGRATED APPROACH TO IMPROVE ONTOLOGY MAPPING PROCESS IN SEMANTIC WEB" |
| 24 | BIOTECHNOLOGY | NIRAJ KUMAR SINGH | DR. DATTA MADAMWAR<br>BRD School of Biosciences<br>Sardar Patel University, V. V. N. | "CYANOBACTERIAL PHYCOBILISOMES: A STUDY WITH REFERENCE TO OPTIMIZATION, PURIFICATION AND STRUCTURAL CHARACTERIZATION OF PHYCOCYANIN AND INFLUENCE OF ENVIRONMENTAL STRESS ON PHYCOBILIPROTEINS" |
| 25 | PSYCHOLOGY | SUWANIT THEERAPHAN | DR. SAMIR J. PATEL<br>Dept. of Psychology<br>Sardar Patel University, V. V. N. | "A STUDY OF STREES AND FAMILY ADJUSTMENT OF THAI FARMER'S FAMILIES" |
| 26 | PSYCHOLOGY | KAMLESHKUMAR HARIBHAI PATEL | DR. N.R. PARMAR,<br>Nalini Arvind & T.V. Patel Arts College, V. V. N. | "A STUDY OF PREDICTIVE EFFICIENCY AND MODERATING EFFECT OF GROWTH NEED, ORGANIZATIONAL HEALTH WITH REFERENCE TO JOB INVOLVEMENT AND WORK MOTIVATION OF INDUSTRIAL EMPLOYEES" |
| 27 | PSYCHOLOGY | MEGHANABAHEN RATILAL PATEL | DR. M.G. MANSURI<br>Dept. of Psychology<br>Nalini Arvind & T.V. Patel Arts College, V. V. N. | "A STUDY OF OCCUPATIONAL STRESS, ADJUSTMENT AND PSYCHOLOGICAL WELL-BEING OF GOVERNMENT AND NON-GOVERNMENT SCHOOL TEACHERS" |
| 28 | PSYCHOLOGY | MANSUKHBHAI BUDHABHAI TAVETHIYA | DR. SAMIR J. PATEL<br>Dept. of Psychology<br>Sardar Patel University, V. V. N. | "A COMPARATIVE STUDY OF SENTIMOTIVATION CONCERNING THE SPORT PERFORMANCE OF ATHLETICS AND BASKETBALL PLAYERS OF VARIOUS CATEGORIES OF GUJARAT STATE" |
| 29 | PSYCHOLOGY | SANGITA RAMESHCHANDRA SHASTRI | DR. L. R. YAGNIK<br>Dept. of Psychology<br>Sardar Patel University, V. V. N. | "A COMPARATIVE STUDY OF ANXIETY, SELF-CONCEPT AND SELF-CONFIDENCE AMONG TYPE-A AND TYPE-B PERSONALITY OF COLLEGE STUDENTS" |
| 30 | PSYCHOLOGY | MALDE KARABHAI CHOCHA | DR. N.R. PARMAR,<br>Dept. of Psychology<br>Nalini Arvind & T.V. Patel Arts College, V. V. N. | "A STUDY OF SUICIDE WITH REFERENCE TO DEPRESSION, AGGRESSION AND OTHER SELECTED PSYCHO-SOCIOLOGICAL VARIABLES" |
| 31 | HISTORY | MUKESHKUMAR VENIRAMJI JOSHI | DR. J.M. PANDYA<br>Dept. of History<br>Sardar Patel University, V. V. N. | "MAJOR HINDU SECTS OF CHAROTAR REGION & THEIR SOCIAL CONTRIBUTION :<br>A HISTORICAL STUDY<br>(19TH AND 20TH CENTURY)" |
| 32 | POLITICAL SCIENCE | MANUBHAI MOTIBHAI JAGANI | DR. BALDEV AGJA<br>Dept. of Political Science<br>Sardar Patel University, V. V. N. | "A STUDY OF DEVELOPING SECTIONS IN PANCHAYATI RAJ OF BANASKANTHA DISTRICT (1993 TO 2010)" |
| 33 | EDUCATION | CHANTRA KLODPENG | DR. A.B. KAGATHALA<br>P.G. Department of Education<br>Sardar Patel University, V. V. N. | "A STUDY OF EFFICIENT PARTICIPATIVE MANAGEMENT SYSTEM IN PHYSICAL EDUCATION INSTITUTES IN THAILAND" |
| 34 | EDUCATION | NISHANT SHARADKUMAR JOSHI | DR. MANJULABEN R. PATEL<br>M.B. Patel College of Education<br>Sardar Patel University, V. V. N. | "DEVELOPMENT OF AN ORIENTATION PROGRAMME TO ORIENT SELECTED PERCEPTIONS OF EDUCATION IN B.ED. STUDENT TEACHERS" |
| 35 | EDUCATION | ORATAI KIRDPIBAL | DR. K.S. LIKHIA<br>P.G. Department of Education<br>Sardar Patel University, V. V. N. | "A STUDY OF KNOWLEDGE MANAGEMENT PRACTICES OF PRIMARY SCHOOLS IN RELATION TO CERTAIN VARIABLES" |

| | | | | |
|---|---|---|---|---|
| 36 | ENGLISH LANGUAGE TEACHING (ELT) | RANJANABEN SHASHIKANT DAVE | DR. SULABHA NATRAJ<br>Waymade College of Education, V.V.N.<br>(English Medium) | "SECOND LANGUAGE LEARNING THROUGH SONGS AND STORIES" |
| 37 | ENGLISH (ELT) | HEENA B. VARIYA | DR. RAJENDRASINH JADEJA<br>H.M. Patel Institute of English Training and Research, V.V.N. | "A STUDY OF THE ISSUES IN TRANSLATING SOME GUJARATI SHORT STORIES WITH ELEMENTS OF FEMINISM" |
| 38 | MANAGEMENT | SWATI HARESH MEHTA | PROF. H.J. JANI<br>G.H. Patel Postgraduate Insti. of Business Management<br>(M.B.A. Programme)<br>Sardar Patel University, V.V.N. | "DISTRIBUTION OF AGRO-INPUTS IN RURAL AREAS OF NORTH GUJARAT" |
| 39 | FOOD PROCESSING TECHNOLOGY | AJAY RAMESHRAO TAPRE | DR. R.K. JAIN<br>A.D. Patel Institute of Technology<br>New V.V.N. | "STUDIES ON ENZYMATIC CLARIFICATION OF ADVANCED MATURITY STAGES BANANA PULP" |
| 40 | BIOCHEMISTRY | AMITKUMAR NATWARLAL THAKKAR | DR. VASUDEV R. THAKKAR<br>BRD School of Biosciences<br>Sardar Patel University, V. V. N. | "STUDY OF DISEASE RESISTANCE MECHANISM IN POTATO (SOLANUM TUBEROSUM) PLANTS" |
| 41 | BIOCHEMISTRY | PINAKI BHARATBHAI PATEL | DR. VASUDEV R. THAKKAR,<br>BRD School of Biosciences<br>Sardar Patel University, V. V. N. | "STUDY OF NUTRACEUTICAL MODULATION OF CELL GROWTH AND APOPTOSIS IN TRANSFORMED CELL" |
| 42 | MICROBIOLOGY | TRIPTI RAGHAVENDRA | DR. AMITA R. SHAH<br>BRD School of Biosciences<br>Sardar Patel University, V. V. N. | "STUDY OF MICROEMULSION BASED ORGANOGELS AND MULTIWALLED CARBON NANOTUBES AS POTENTIAL SUPPORTS FOR LIPASE IMMOBILIZATION AND APPLICATION IN NON-AQUEOUS CATALYSIS" |
| 43 | MICROBIOLOGY | YOGESHKUMAR RAMJIBHAI PATEL | DR. AKSHAYA P. GUPTE<br>Natubhai V Patel College of Pure And Applied Sciences, V.V.N. | "STUDY ON BIOREMEDIATION POTENTIAL OF BACTERIAL CONSORTIUM EDPA FOR DECOLORIZATION AND DEGRADATION OF SULFONATED DI-AZO DYE ACID MAROON V" |
| 44 | ELECTRONICS AND COMMUNICATION ENGINEERING | MEHFUZA SULEMAN HOLIA | DR. V.K. THAKAR<br>ECE Department<br>A.D. Patel Institute of Technology<br>New V.V.N. | "COMPUTATIONAL METHODS FOR AUTOMATIC IMAGE REGISTRATION" |
| 45 | HINDI | GOVINDBHAI KARSHANBHAI MUNDHAVA | DR. SHIVPRASAD SHUKLA<br>Dept. of Hindi<br>N.A. & T.V. Patel Arts College<br>Vallbh Vidyanagar | "PREMCHAND KE UPNYASO ME NAGARIYA JIVAN: EK ALOCHANATYAMAK ADHYAYAN" |
| 46 | HINDI | JIGYASA SHAH | DR. MADANMOHAN SHARMA<br>Dept. of Hindi<br>Sardar Patel University, V. V. N. | "AGNYEY KE UPNYANSO KA MANOVISHLESHNATMAK ADHYAYAN" |
| 47 | HINDI | ANITABEN HARIPRASAD BHATT | DR. NINA SHARMA<br>Dept. of Hindi<br>Anand Arts College, Anand | "PREMCHANDOTTAR YUGIN UPANYANSO MEN DALIT VIMARSH" |
| 48 | HINDI | SURESHKUMAR FAKIRBHAI PATEL | DR. MADANMOHAN SHARMA<br>Dept. of Hindi<br>Sardar Patel University, V. V. N. | "SAMSAMYIK HINDI-VINGYAPANON KA SWAROOP AUR PRABHAV : EK ADHYAYAN" |
| 49 | COMMERCE | JUTARAT TEAPPARAT | DR. N.N. PATEL<br>Anand Commerce College, Anand | "A STUDY OF HRD STRATEGIES AND PRACTICES OF TOURISM INDUSTRY – AN ANALYTICAL STUDY OF SELECTED TOURISM PLACES IN THAILAND" |
| 50 | LIBRARY SCIENCE | KAILASHBHAI DALUBHAI TANDEL | DR. U.A. THAKER<br>P.G. Department of Library and Information Science<br>Sardar Patel University, V.V.N. | "DEVELOPMENT OF COST EFFECTIVE NETWORK MODEL FOR OPTIMUM UTILISATION OF RESOURCES IN SCIENCE AND ENGINEERING COLLEGE LIBRARIES IN GUJARAT: A PLAN" |
| 51 | ELECTRONICS AND COMMUNICATION ENGINEERING | HETAL PRABHUBHAI PATEL | DR. R.K. JAIN<br>A.D. Patel Institute of Technology<br>New V.V.N. | "INVESTIGATION ON IMAGE PROCESSING ALGORITHMS FOR FOOD PROCESSING AND AGRICULTURE APPLICATIONS" |
| 52 | CIVIL ENGINEERING | SAMTA JASHWANT SHAH | PROF. (DR.) H.J. DALWADI<br>Civil Engg. Department<br>B.V.M. Engineering College, V.V.N. | "PERFORMANCE EVALUATION OF DHAROI IRRIGATION SCHEME MANAGED BY PARTICIPATORY IRRIGATION MANAGEMENT" |

## ચારુતર વિદ્યામંડળ દ્વારા એચ.આર.ડી. ઈન્સ્ટીટ્યુટની સ્થાપના

આજનો યુગ એ જ્ઞાન, કૌશલ્ય અને આવડતનો યુગ છે. વિદ્યાર્થીઓની જ્ઞાન પિપાસાને સંતોષવા માટે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે શિક્ષણમાં સતત નવી નવી વિદ્યાશાખાઓની માંગ વધતી રહી છે. એટલુ જ નહિ પરંતુ સમૂહ માધ્યમોને કારણે તેમજ ભૂમંડલીકરણ અને ઉદારીકરણને કારણે બે રાષ્ટ્રો વચ્ચેનું અંતર ઘટતું જાય છે, અને તેની સાથે સાથે એકથી વધારે સંસ્કૃતિઓના સુભગ સમન્વય થઈ રહ્યો છે. ફલતઃ ધીમે ધીમે આંતર વિદ્યાકીય જ્ઞાન (મલ્ટીડીસીપ્લીનરી નોલેજ) નો જમાનો આકાર લઈ રહ્યો છે. જેથી કરીને વિશ્વવિદ્યાલયોમાં મલ્ટીડીસીપ્લીનરી અભ્યાસક્રમો અને વિદ્યાશાખાઓના વિકાસની માંગ વધતી રહી છે.

આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને ચારુતર વિદ્યામંડળ સતત નવી નવી સંસ્થાઓનું નિર્માણ કરવાનું ભગીરથ કાર્ય કરી રહેલ છે. બદલાતા સમયની માંગને પહોંચી વળવાના હેતુથી ચારુતર વિદ્યામંડળે ઈન્સ્ટીટ્યુટ ઓફ હ્યુમન રીસોર્સ ડેવલપમેન્ટ નામની એક નવી જ સંસ્થાનું નિર્માણ કર્યું છે. આ સંદર્ભે એક બાબત નોંધનીય છે કે, આ સંસ્થા સરદાર પટેલ યુનિવર્સિટીમાં એચ.આર.ડી. ફીલ્ડમાં માસ્ટર ડીગ્રીનો અભ્યાસક્રમ આપનાર સર્વપ્રથમ સંસ્થા છે.

જ્ઞાનની સાથે સાથે ઔદ્યોગિક ક્ષેત્રનો પ્રેક્ટીકલ અનુભવ તથા કોર્પોરેટ કલ્ચરથી વિદ્યાર્થીઓ પરિચિત થાય તે માટે ફીલ્ડવર્ક તથા ઈન્ટર્નશીપ ઉપર આ અભ્યાસક્રમમાં ખાસ ભાર મૂકવામાં આવેલ છે. એચ.આર.ડી.નો કોર્સ એમ.બી.એ. કોર્ષની સમકક્ષ ડીઝાઈન કરવામાં આવેલ છે, જેથી વિદ્યાર્થીઓમાં વિદ્યાકીય સજ્ઞતા કેળવાય અને મેનેજરીઅલ સ્કીલ્સનો વિકાસ થાય, અને વિદ્યાર્થી ઉચ્ચકક્ષાની નોકરી મેળવી શકે.

આ કોર્સના અભ્યાસક્રમમાં કર્મચારીનું સીલેક્શન, પ્લેસમેન્ટ, કર્મચારી ટ્રેનીંગ વગેરે બાબતો પર ખાસ ભાર મૂકવામાં આવેલ છે.

આ કોર્ષમાં માનવીય વર્તનને સમજવા અંગેના સિદ્ધાંતોનું અધ્યયન, માનવીય સંબંધો જાળવવાની રીતો, સંસ્થામાં ચાલતી સંદેશાવ્યવહારની તરાહો, સંસ્થાકીય વિકાસની પાયાની બાબતો, કર્મચારી માલિક વચ્ચે ઉદ્‌ભવતી સમસ્યાઓના નિરાકરણ માટેના ઉપાયો, સંસ્થાને લગતા કાયદાઓ અને અન્ય જોગવાઈઓના પરિપાલન માટે કાયદાકીય જાણકારી આપવા અંગેની ખાસ જોગવાઈ કરવામાં આવેલ છે.

પ્રસ્તુત કોર્સનો મુખ્ય હેતુ એચ.આર.ના ક્ષેત્રમાં અસરકારક રીતે કાર્ય કરી શકે તેવા પ્રોફેશનલ્સ તૈયાર કરવાનો છે. આર્ટ્સ, કોમર્સ, સાયન્સ, એન્જિનીયરીંગ કે અન્ય વિદ્યાશાખામાંથી ડીગ્રી પ્રાપ્ત કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ એચ.આર.ડી. અભ્યાસક્રમનો લાભ લઈ શકે છે, અને મલ્ટીનેશનલ કંપનીઝ, પબ્લીક કે પ્રાઈવેટ ઓર્ગેનાઈઝેશન્સમાં કે સહકારી ક્ષેત્રોમાં તેમજ બેંન્કીંગ ક્ષેત્રમાં, એલ.આઈ.સી. કે સરકારી સાહસોમાં એચ.આર. ઓફિસર તરીકે કે મેનેજર તરીકે પોતાની ઉજ્જવળ કારકીર્દિ બનાવી શકે છે.

આ નવી સંસ્થામાં એક વર્ષનો પી.જી. ડીપ્લોમા ઈન ગાઈડ એન્ડ કાઉન્સેલીંગનો કોર્ષ પણ શરૂ કરવામાં આવેલ છે. કોઈ પણ ગ્રેજ્યુએટ તેમાં પ્રવેશ મેળવી શકે છે. આ કોર્ષ કર્યા બાદ સ્કૂલમાં કાઉન્સેલર તરીકે અથવા એન.જી.ઓ.માં બાળ વિકાસ કેન્દ્રમાં કે દવાખાનામાં કાઉન્સેલર તરીકે નોકરી મળી શકે છે.

ઉપરોક્ત બન્ને કોર્સમાં પ્રવેશની કાર્યવાહી ચાલુ છે.

## ડી. જે. પટેલ ઈન્સ્ટીટ્યુટનું ડેટા 64 ટેક્નોલોજી તથા iTEP સાથે MoU

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ આણંદ સંચાલિત ડી.જે. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમ્પ્યુટર એજ્યુકેશન એન્ડ ઈન્ફરમેશન ટેક્નોલોજી દ્વારા સાયબર સીક્યુરીટી તેમજ ઇંગ્લીશ ઓનલાઈન ટેસ્ટના વિવિધ કોર્સ ફેબ્રુઆરી ૨૦૧૩થી શરુ કરવામાં આવેલ છે. જેના માટે ડેટા 64 ટેક્નોલોજી પ્રા.લી., મુંબઈ તેમજ ઈન્ટરનેશનલ ટેસ્ટ ઓફ ઇંગ્લીશ પ્રોફીસીએન્સી (iTEP) સાથે MoU કરવામાં આવ્યા છે.

ડી.જે. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમ્પ્યુટર એજ્યુકેશન એન્ડ ઈન્ફરમેશન ટેક્નોલોજી દ્વારા Diploma in Cyber Law, PG Program in Cyber Law, Cyber Crime Investigator (ASCL Certified), Digital Evidence Analyst (ASCL Certified), Digital Forensic Investigator (ASCL Certified), કોર્સ શરુ કરવામાં આવ્યા છે. આ બધા કોર્સ માટેની શૈક્ષણિક લાયકાત ધોરણ-૧૨ પાસ અથવા ગ્રેજ્યુએટ (કોઈપણ પ્રવાહમાં) જરૂરી છે.

આ વિજ્ઞાનના યુગમાં વિવિધ Cyber Securityના કોર્સ વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરુપ સાબિત થશે. સંસ્થા દ્વારા પોલીસ ઓફિસર માટે Cyber Law for Police Officer નામનો કોર્સ પણ શરુ કરવામાં આવ્યો છે, જે પોલીસ ઓફિસર્સ ને Cyber Lawથી માહિતગાર કરવામાં ખૂબ જ ઉપયોગી નીવડશે.

તદ્‌ઉપરાંત ડી.જે. પટેલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ કોમ્પ્યુટર એજ્યુકેશન એન્ડ ઈન્ફરમેશન ટેક્નોલોજી દ્વારા iTEP (Online English Proficiency)નું ઓર્થોરાઈઝ્ડ TEST સેન્ટર પણ સોંપવામાં આવ્યું છે. જેમાં વિદ્યાર્થીઓ ઈંગ્લીશ લેંગ્વેજની ટેસ્ટ આંતરરાષ્ટ્રીય કક્ષા પર Online આપી શકે છે તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષા પર સ્વીકાર્ય સર્ટીફિકેટ પણ આપવામાં આવે છે. જે ભણતર બાદ નોકરી મેળવતી વખતે ખૂબ જ ઉપયોગી નીવડે છે. iTEP (Online English Proficiency) કોઈપણ શાખાનાં વિદ્યાર્થીઓ, કોઈ પણ વર્ષમાં ભણતા હોય તે આપી શકે છે. તેમજ સ્કૂલના વિદ્યાર્થીઓ પણ આ પરીક્ષા આપી iTEP સર્ટીફિકેટનાં લાભ લઈ શકે છે.

વધુમાં, ડી. જે. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમ્પ્યુટર એજ્યુકેશન એન્ડ ઈન્ફરમેશન ટેક્નોલોજી દ્વારા બીજા Short Term Course પણ વિદ્યાર્થીઓ માટે શરુ કરવામાં કરવામાં આવ્યા છે. જેમકે, Net, Basic Android PHP, Spoken English & Soft Skills, French, VB, C, C++, Java, WAD Multimedia, Hardware & Networking, Oracle, Pagemaker, Tally, MS Office તેમજ Internet જેવા કોર્સ શરુ કરવામાં આવ્યા છે.

# નિવૃત્ત થયેલ કર્મચારીઓનો વિદાય સમારંભ

સરદાર પટેલ યુનિવર્સિટીમાં દીર્ઘ કાલીન સેવાઓ આપી વયોચિત નિવૃત્તિ/સ્વૈચ્છિક નિવૃત્તિ લેનાર કર્મચારીઓને સન્માનવાની આગવી પરંપરા શરૂ કરી છે. વર્ષ ૨૦૧૩ દરમ્યાન અનુસ્નાતક ભૌતિકશાસ્ત્ર વિભાગના પ્રો. ડૉ. એ. આર. જાની, ડૉ. કે. એન. જોષીપુરા, ડૉ. એ.ટી. ઓઝા, અનુસ્નાતક એમ.બી.એ. વિભાગના પ્રોફેસર ડૉ. એચ. જે. જાની, અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગના પ્રો. ડૉ. (કુ.) નૂતનબેન વ્યાસ, બી.આર. સ્કુલ ઑફ બાયોસાયન્સીસના પ્રોફેસર ડૉ. કે. એસ. રાવ, યુનિવર્સિટી કાર્યાલયના હિસાબ વિભાગના અધિક્ષક શ્રી અરૂણભાઈ એસ. પટેલ, મહેકમ વિભાગના હેડ ક્લાર્ક શ્રી પ્રભાતભાઈ કે. ભોઈ, યુસિક વિભાગના ટેકનિશિયન શ્રી ડાહ્યાભાઈ પી. પટેલ, યુનિવર્સિટી મ્યુઝિયમના વોચમેન શ્રી બેચરભાઈ એ. વસાવા વય મર્યાદાને કારણે નિવૃત્ત થયા છે. ઉપરાંત એમ.બી.એ. વિભાગના સીનીયર ક્લાર્ક શ્રી જયકુમાર નિરંજનભાઈ ઉપાધ્યાય, મટીરીયલ્સ સાયન્સ વિભાગના સીનીયર ક્લાર્ક શ્રી વિનય ચાર્લ્સ ક્રિશ્ચિયન, શારીરિક શિક્ષણ વિભાગના સીનીયર ક્લાર્ક શ્રી વોલેશ જસવંતભાઈ ક્રિશ્ચિયને સ્વૈછીક નિવૃત્તિ લીધેલ છે.

આ તમામ કર્મચારીઓનો સન્માન કાર્યક્રમ તારીખ ૧૮-૬-૨૦૧૩ના રોજ યુનિવર્સિટી પરિવારના તમામ સભ્યોની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

આ કાર્યક્રમના આરંભમાં માનનીય કુલપતિશ્રીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં તમામ કર્મચારીઓને શુભેચ્છાઓ પાઠવી તેઓનું નિવૃત્તિમય જીવન પ્રવૃત્તિમય અને સ્વાસ્થ્યમય બની રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી અને દરેક કર્મચારીને પુષ્પગુચ્છ અર્પણ કરી શાલ ઓઢાડી અને સન્માન પુષ્પ અર્પણ કર્યું હતું.

આ કાર્યક્રમમાં સન્માનીત અધ્યાપકો અને કર્મચારીઓને યુનિવર્સિટીની દીર્ઘકાલિકાન સેવાઓ દરમ્યાનના પોતાના સંસ્મરણો રજૂ કર્યા હતા અને યુનિવર્સિટીને જ્યારે પણ પોતાની સેવાઓની જરૂર પડશે ત્યારે સેવાઓ આપવાની તત્પરતા દાખવી હતી.

કાર્યક્રમના અંતે આભારવિધિ કા. કુલસચિવશ્રી તુષાર મજમુદારે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિકાસ અધિકારી ડૉ. રાઘવ પટેલે કર્યું હતું.

---

અનુસંધાન પાન ૧૨ પરથી ચાલુ

ભારતના બંધારણના આમુખમાં લોકો માટે સ્વાતંત્ર્યના નિર્માણનો દઢ સંકલ્પ કરવામાં આવ્યો છે. આ સંકલ્પનું સાકાર સ્વરૂપ એટલે બંધારણના ભાગ-૩માં સમાનતાનો, શોષણ વિરુદ્ધનો, ધાર્મિક સ્વાતંત્ર્યનો, સાંસ્કૃતિક અને શૈક્ષણિક બંધારણીય ઉપચારોના અધિકારનો સમાવેશ કરવામાં આવ્યો છે. કોઈપણ અધિકારના ભંગ બદલ હાઈકોર્ટમાં કે સુપ્રિમકોર્ટમાં સીધેસીધી રીટ કરવાનો પણ અધિકાર પ્રાપ્ત થાય છે.

**રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો :**

રાજ્યનું કાર્ય માત્ર રક્ષણનું જ નથી. પરંતુ કલ્યાણનું પણ છે. કોઈપણ રાજકીય સમાજ એટલે પોલીસ રાજ્ય એટલુ જ નહિ. પરંતુ કલ્યાણ રાજ્ય પણ ખરુ, રાજ્યે ભજવવાના કલ્યાણકારી પાઠનો સિદ્ધાંત આપણી ભારતની લોકશાહીએ પણ સ્વીકાર્યો જ છે અને ભારતના કલ્યાણ રાજ્યમાં એકેય આંખમાં એક પણ આંસુનું ટીપું ન રહે એ તો રાષ્ટ્રપિતા ગાંધીજીનું સ્વપ્ન હતુ. બંધારણના ભાગ - ૪માં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના અમલ-પાલનને અદાલતની હકુમતમાંથી બાકાત રાખવામાં આવ્યા છે.

**એક નાગરિકતા :**

આખા દેશ માટે એક જ નાગરિકતાની જોગવાઈ કરી છે. નાગરિક ગમે તે રાજ્યનો હોય પણ તેનું નાગરિક્ત્વ ભારતનું જ ગણાય છે. વિદેશમાં રહેતા ભારતીયો માટે ભારતનું નાગરિકત્વ આપવાની જોગવાઈ હમણાંથી થયેલ છે. પરંતુ નાગરકિત્વ તો ભારતનું જ પ્રાપ્ત થાય છે.

**સ્વતંત્ર અને એક ન્યાયતંત્ર :**

સર્વોચ્ચ અદાલતના ચુકાદાને અન્ય તમામ અદાલતોને માટે બંધનકર્તા બનાવતી અનુ. ૧૧૪ની જોગવાઈથી ભારતભરમાં કાયદા અને ન્યાની સોપાનબદ્ધ. સળંગ અને એકસૂત્રી પદ્ધતિનો પાયો મજબૂત બન્યો છે. ન્યાયતંત્ર કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારનું કોઈપણ કૃત્ય ગેરકાયદેસર ઠરાવવાની તેમજ બંધારણીય સીમાઓનું ઉલ્લન કરે તેવું હોય તો ગેરબંધારણીય ઠરાવવાની ન્યાયતંત્રને સત્તા છે.

# આપણું બંધારણ

ભારત એક લોકશાહી દેશ છે. એના નાગરિકો પોતાના વિચારો મુક્ત રીતે રજૂ કરી શકે છે. પોતાની પસંદગીની સરકાર પણ તે ચૂંટી શકે છે, અને પોતાના હક્કો મેળવી શકે છે. આજે આ લોકશાહીનો અર્થ બદલાતો જતો હોય એમ લાગે છે. નેતાઓ મતદારોને ખરીદીને જીતે છે, અને ખરીદેલા મતદારોની સાથે ભ્રષ્ટાચાર ભર્યું વર્તન કરે છે. માટે ભારતના દરેક નાગરિકે ભારતની સાચી લોકશાહી વિશે સમજવું જોઈએ. તે માટે ભારતના બંધારણ વિશે જાણવુ જરૂરી છે.

તારીખ ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના રોજ ભારતે રાજકીય સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યું પરંતુ આર્થિક અને સામાજિક સ્વતંત્રતા મેળવવા માટે બંધારણની રચના જરૂરી હતી. આ માટે બંધારણ સભાની રચના ૨૯મી ઓગસ્ટ ૧૯૪૭ના રોજ થઈ હતી. આ સભામાં ડૉ. બાબા સાહેબ આંબેડકર, જવાહરલાલ નહેરુ, શ્રી રાજગોપાલ આચાર્ય, રાજેન્દ્ર પ્રસાદ, સરદાર પટેલ, કનૈયાલાલ પુરુષોત્તમ માવળંકર, મૌલાના અબ્દુલ કલામ આઝાદ, શ્યામ પ્રસાદ મુખરજી, નલીની રંજન ઘોષ, બળવંતરાય મહેતા હતા. આ સૌએ દુનિયાના મોટા ભાગના દેશના બંધારણનો અભ્યાસ કરી તેમાં રહેલી ત્રુટીઓને દૂર કરવાનો પ્રયત્ન કરીને એક ઉત્કૃષ્ટ બંધારણ ભારતને આપ્યું. તેનો અમલ ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦થી કરવામાં આવ્યો. તે દિવસે ભારત પ્રજાસત્તાક બન્યું.

વિશ્વના અન્ય દેશો કરતાં ભારતનું બંધારણ અનેક રીતે અલગ તરી આવે છે. આપણા બંધારણમાં અનેક વિશિષ્ટતા જોવા મળે છે.

બંધારણનું કદ :

વિશ્વના અન્ય દેશો કરતાં આપણા બંધારણને સૌથી લાંબુ અને વિસ્તૃત બંધારણ હોવાનું માન મળે છે. શરૂઆતમાંત ૨૯૫ અનુચ્છેદો અને ૮ અનુસૂચિઓ હતી. હાલમાં ૩૯૩ અનુચ્છેદો અને ૯ અનુસુચિઓ છે.

બંધારણની રચના સમયે બંધારણ સભા સામે ઘણા પ્રશ્નો હતા. અને નાગરિકોને પાયાના અધિકારો આપવાના હતા. વળી મહાત્મા ગાંધીએ આપેલા આદર્શોને પણ ધ્યાનમાં રાખવાના હતા. આ રીતે અનેક બાબતોનો સમાવેશ કરવાનો હોવાથી બારતનું બંધારણ લાંબુ છે.

બંધારણનું સ્વરૂપ :

બંધારણ સમવાયી છે, અને સંઘ તથા તેનાં એકમો વચ્ચે સત્તાનું વિભાજન છે. તેમાંથી કેટલીક જોગવાઈઓ એકતંત્રલક્ષણી છે.

બંધારણમાં પરિવર્તનઃ

આપણા બંધારણને More Flexible than Rigid કહેવામાં આવે છે. કેટલીક જોગવાઈઓને બાદ કરતા બંધારણમાં ફેરફાર કરવા માટે રાજ્યોની સંમતિ જરૂરી નથી. બંધારણ સુધારા અંગે એક કરતા વધારે જોગવાઈઓ છે અને તેમાં મુખ્યત્વે અનુ. ૩૬૮ છે. જો બંધારણ સુધારામાં રાજ્યોની સંમતિ અનિવાર્ય હોય તો કુલ રાજ્યોના અડધા રાજ્યોની સંમતિ જરૂરી છે. કેટલીકવાર ન્યાયિક ચુકાદાના કારણે પણ બંધારણમાં ફેરફાર કરવામાં આવે છે.

સર્વોપરિતા :

બંધારણની સર્વોપરિતાનો ખ્યાલ અમેરિકન બંધારણની ઉપજ છે. આ સિદ્ધાંત મુજબ ધારા ગૃહ બંધારણનું સર્જન હોઈ એ પોતાની મર્યાદા વટાવી બંધારણની ઉપરવટ જઈ શકે નહીં. સર્વોપરિતા ધારાગૃહની નહીં પણ બંધારણની છે.

મૂળભૂત હક્કો :

મૂળભૂત હક્કો એટલે કે વ્યક્તિના વિકાસ માટે જરૂરી સ્વતંત્રતા. સ્વતંત્રતાની ખાતરીએ કોઈપણ લોકશાહી સમાજની મહામૂલી મૂડી છે.

અનુસંધાન પાન ૧૧ પર


## Subscribe Today

**Annual**
Students : Rs.10.00
Others : Rs.15.00
Institutions : Rs.100.00

**Life**
Faculty & Staff : Rs.200.00
Institutions & Individuals : Rs.500.00

Lifetime Subscription in Foreign Exchange:
US $ 100.00 € 75.00 £ 75.00

Contact: Publication Division, Bhaikaka Library Vallabh Vidyanagar 388 120


## Contribute Today

Sheel Shrutam welcomes readers' contributions in the form of news, views, ideas and information for publication. Please send your contributions before 1st week of every month to Param Pathak, Department of Gujarati, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120. Email: sheelshrutam@gmail.com, Website: www.spuvvn.edu

Book Post (Printed Matter)

If undelivered please return to :
The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120, Gujarat - India

Sheel Shrutam : A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.
Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120
Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar
Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.